# <u>એમ.એ.સી.પી.નં.૮૫/૨૦૨૧ના કામે નિશાની –૧ લગત હુકમ</u>

૧. અરજદાર તથા અરજદારના વિ.વ.શ્રી તથા સામાવાળા નં.ર વિ.વકીલશ્રી તરફે સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જેમાં જણાવેલ હકીકતો કબુલ રાખતા હોઈ અને તે પ્રમાણે સદર અરજી ફેંસલ કરવા જણાવતા હોઈ **<u>આંક :–૧૮</u>** ની પુરસીસમાં જણાવ્યા પ્રમાણે વળતરની રકમ **<u>રૂા.૩,૬૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ સાઈઠ હજાર પુરા)</u>**માં સમાધાન કરેલ હોવાથી સદર એમ.એ.સી.પી. પક્ષકારોની સમાધાન પુરશીશના આધારે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. અરજદાર ને વચગાળાની વળતરની રકમ ચુકવવામાં આવેલ હોય તો તે પ્રથમ ઉપરોકત રકમમાંથી કાપી લેવી.

૩. જો આ કામે જેટલી કોર્ટ ફી ભરવામાં આવેલ હોય તો તેનું રીફંડ સર્ટીફિકેટ અરજદારના નામનું કાઢવું, રીફંડ સર્ટીફિકેટ અરજદારના વિ.વ.શ્રીને આપવું.

૪. સમાધાન પુરસીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ જમા થયેથી અરજદારના ભાગે આવતી રકમમાંથી **૬૦%** રકમ તેઓ રહેતા હોય તે વિસ્તારની નજીકમાં આવેલ કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંન્કમાં ૫ (પાંચ) વર્ષના સમય માટે ફીકસ ડીપોઝીટ નીચેની શરતોને આધીન મુકવાની રહેશે અને બાકી વધતી **૪૦%** પ્રમાણેની રકમ અરજદારોને એકાઉન્ટ પે ચેકથી રોકડમાં યોગ્ય ખરાઈ કરીને ચુકવી આપવાની રહેશે.

૫. નામ.સુપ્રિમ કોર્ટે ડબલ્યુ.પી.(સીવીલ) નં. ૫૩૪/૨૦૨૦(બજાજ એલીયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ કં.પ્રા.લી. વિ. યુનીયન ઓફ ઈન્ડિયા અને બીજાઓના ચુકાદામાં આપેલ સુચનો તથા એમ.એ.સી.પી.શાખા,મહેસાણાના પત્રાંક જા.નં. ૨૬/૨૦૨૨,તા.૦૨/૦૨/૨૦૨૨ અન્વયે સામાવાળાએ સમાધાન પુરસીસમાં જણાવ્યા પ્રમાણેની સમાધાનની રકમ RTGS/NEFT દ્વારા નીચે જણાવેલ બેન્ક ખાતમાં જમા કરાવવી.

| | | |
|---|---|---|
| Name of Bank | :- | State Bank Of India,<br>Specialized Government Branch Mahesana. |
| Account No. | :- | 40751534495, |
| Branch Code, | :- | 13538, |
| Name of A/c Holder | :- | DISTRICT AND SESSION COURT MAHESANA, |

IFS Code, :- SBIN0013538,
MICR NO. :- 384002005.

**<u>ફીકસ ડીપોઝીટ ની રકમ ઉપર નીચેની શરતોને આધીન રહેશે :–</u>**

(૧) ફીકસ ડીપોઝીટની રકમ ઉપર અરજદાર વ્યાજ મેળવવા હકકદાર હોય તે ચુકવવા પાત્ર થાય ત્યારે ચુકવી આપવી.

(૨) આ રકમ ઉપર બેન્કે કોઈપણ પ્રકારની લોન, અડવાન્સ કે ઓવર ડ્રાફ્ટ આપવું નહી.

(૩) જે તે રાષ્ટ્રીયકૃત બેન્કે એફ.ડી. ની માહીતી આ ટ્રીબ્યુનલ ને પુરી પાડવાની રહેશે.

(૪) પાંચ વર્ષ નો સમય પુરો થયે બેન્કે મુદ્દ્લ તથા એફ.ડી. નું વ્યાજ જે હોય તે એકાઉન્ટ પેઈ ચેકથી અરજદાર ને ચુકવવું.

૫. પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોઈ ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૬. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૧૮/૦૪/૨૦૨૬ના રોજ લોક અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૮/૦૪/૨૦૨૬

સ્થળ :– મહેસાણા.

(એમ.એફ.ખત્રી)
એમ.એ.સી.ટી.(સહાયક)
મહેસાણા.
CODE NO.GJ-00691